
દાદા ભગવાન પરિવારનું
ડિસેમ્બર ૨૦૨૦
પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# સંપાદકીય

બાળમિત્રો,

વાતવાતમાં બીજાની ભૂલ કાઢવી એ આપણા માટે કેટલું સહેલું થઈ ગયું છે ને ? ખરું જોઈએ તો આપણને એમાં મજા આવે છે. પણ આપણને ત્યારે ખ્યાલ નથી રહેતો કે બીજાની ભૂલો કાઢતી વખતે આપણે પણ ભૂલ જ કરી રહ્યા છીએ.

તો આવો, આ અંકમાં આપણે આ ભૂલના ગેરફાયદા સમજીએ. અને આ ભૂલ ફરી ના થવા દઈએ. આ અંકમાંથી એવી ઘણી ચાવીઓ મળશે અને સાથે સાથે હિંમત પણ મળશે, જે આપણને ફરી આ ભૂલ કરતા અટકાવશે.

– ડીમ્પલ મહેતા

# કોઈની ભૂલ ના કઢાય


વર્ષ : ૧૩, અંક : ૪
સળંગ અંક : ૧૪૮
ડિસેમ્બર ૨૦૨૦



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2020, Dada Bhagwan Foundation
All Rights Reserved



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

**પ્રશ્નકર્તા :** કેમ કોઈની ભૂલ ના કઢાય ?

**દાદાશ્રી :** ભૂલ કાઢવાથી શું ફાયદો ? ઈમોશનલ (ભાવુક) માણસ જ ભૂલ કાઢે. કોઈને ભૂલ કાઢવાનો અધિકાર નથી. કોઈ મિત્ર હોય તેની ભૂલ કાઢીએ તો મિત્રપણું છૂટી જાય.

**પ્રશ્નકર્તા :** પણ ભૂલ કાઢું એમાં એને દુઃખ કેમ થાય ?

**દાદાશ્રી :** ભૂલ કાઢે એટલે દુઃખ તો થાય જ. એ તો એનું અપમાન કર્યા બરાબર છે. એ તો એની પર તમને વેર છે એક જાતનું.

**દાદાશ્રી :** એટલે આખા ઘરમાં પ્રેમ જ હોવો જોઈએ. ઘરમાં કોઈની ભૂલ કાઢવી નહીં. ભૂલચૂક થાય કે પ્રેમની ખાતર જવા દેવી. પ્રેમ નભાવી લે બધું.

**પ્રશ્નકર્તા :** ઘણા લોકોને ભૂલ કાઢવાની ટેવ પડી હોય તો એમાં શું કરવાનું ?

**દાદાશ્રી :** પ્રેમમાં કોઈ દહાડો ભૂલ ન હોય. પ્રેમમાં ભૂલ દેખાય નહીં. આપણે ભૂલ જોઈએ છીએ એ આપણી જ ભૂલ છે. આપણા કષાયો જ સામાને ભૂલવાળો દેખાડે છે. એટલે આ બહુ ટોપ મોસ્ટ નાલાયકી. આવું ના હોવું જોઈએ. કોઈની ભૂલ કઢાય પણ નહીં, અને કઢાઈ ગઈ હોય તો પસ્તાવા લેવા પડે. અરેરે, આવી નાલાયકી ઊભી થઈ મારામાં.



# દાદાજી કહે છે...

# આ તો નવી જ વાત !


આપણે ભૂલ કાઢીએ એટલે સામો પણ મનમાં રાહ જુએ કે હું એમની ક્યારે ભૂલ કાઢું. આને ફેમિલી ના કહેવાય.



કોઈની ભૂલ કાઢવી એની પાછળ ખરાબ આશયો હોય છે. બીજા પાસે પોતાનું ધાર્યું કરવું છે એટલે ભૂલ કાઢે છે જાણી જોઈને.



જે ભૂલ સામો
જાણતો હોય એ
ભૂલો ક્યારેય ના
કઢાય.





વસ્તુની ભૂલ
કાઢી શકાય પણ
વ્યક્તિની ભૂલ
ક્યારેય ના કઢાય.

“આ બધું તમે કેવી રીતે હાંસલ કર્યું ડેડી ? આઈ એમ સ્યોર કે તમારી પાસે કોઈ સિક્રેટ ચાવી હશે.” અભરાઈ પર ગોઠવાયેલી પુષ્કળ ટ્રોફીઓ જોઈ હંમેશાં ઉદ્ભવતો સવાલ, તે દિવસે ફુરસદના પળે આરૂષે એના પપ્પા મિ. સોમિલને પૂછી જ કાઢ્યો.

“હા બેટા. ૧૯૮૦ની આ વાત છે. હું કૉલેજમાં હતો.” મિસ્ટર સોમીલે વાત શરૂ કરી, “મારા મિત્રો ઋગ્વેદ, ધ્રુવી અને હું કોલેજ કેન્ટીનમાં એક નાનું સેલિબ્રેશન કરવા ભેગા થયા હતા કારણ કે તે દિવસે અમારા કોલેજના પહેલા વર્ષની છેલ્લી પરીક્ષા હતી.”

“તો વેકેશનમાં તમારો શું પ્લાન છે ?” ઋગ્વેદે ઉત્સાહપૂર્વક પૂછ્યું.

“કંઈ નહીં,” અમે ધીમેથી જવાબ આપ્યો.

“તો કંઈ સાથે મળીને કરવું છે ?” તેની આંખોમાં એક અલગ જ ચમક હતી.

“જેમ કે ?” મેં પૂછ્યું.

“મારી પાસે એક આઈડિયા છે. વસઈ સ્ટેશનની નજીક એક વેરાન જગ્યા આવે છે. મને ઘણીવાર થાય છે કે આ જગ્યાનો સદ્ઉપયોગ થવો જોઈએ.”

મેં કહ્યું, “પણ એ તો સૂકો કચરો ફેંકવાની જગ્યા છે.”

“હા, પણ જો સૂકા કચરાનો કંઈક બીજો ઉપયોગ થાય તો એ જગ્યા ખાલી થાય અને ત્યાં બગીચા જેવું કંઈક બની શકે.” ઋગ્વેદે તેનો વિચાર જણાવ્યો. અમને બધાને તેનો વિચાર ગમ્યો.

“વિચાર સારો છે. પણ આમાં સરકારની સંમતિ જોઈશે,”

# પ્રોજેક્ટ ડ્રીમલેન્ડ



ધ્રુવી બોલી. આ વાક્ય સાંભળી અમારા ચહેરા પડી ગયા.

"આપણે સરકારને આ આઈડિયા દર્શાવતો એક પત્ર લખી જોઈએ ? કોશિશ કરવામાં શું જાય છે ?" ઋગ્વેદે ઉત્સાહ સાથે કહ્યું.

અને અમે બધા તૈયાર થયા. તે જ દિવસે ઋગ્વેદ સરકારી ઓફિસમાં એક પત્ર લખ્યો. અને એક અઠવાડિયામાં જ 'હા' નો જવાબ આવી ગયો. અમે ખુશ થયા. સરકારી ઓફીસને મારો આઈડીયા તો ખૂબ ગમ્યો હતો. પણ સાથે સાથે પત્રમાં લખ્યું હતું કે, આ પ્રોજેક્ટની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે. સરકાર પાસે આ પ્રોજેક્ટ માટે કોઈ બજેટ નથી.

અમારા માટે આ ચેલેન્જ બહુ જ મોટી હતી. પણ અમે સ્વીકારી લીધી.

અમે પ્લાનિંગ શરૂ કર્યું. અમારા સપનાના ઘોડાઓ પુરજોશમાં દોડવા લાગ્યા. અમારી સપનાની દુનિયામાં હીંચકા, લપસણી, રંગબેરંગી ફૂલો એવું ઘણું બધું હતું અને તેથી જ તો અમે અમારા પ્રોજેક્ટનું નામ રાખ્યું - પ્રોજેક્ટ ડ્રીમલેન્ડ.

"પણ ઝીરો બજેટમાં આ બધું કેવી રીતે શક્ય બનશે ?" ધ્રુવીના શબ્દોએ અમને સપનાની દુનિયામાંથી બહાર કાઢી વાસ્તવિકતા દેખાડી.

"આપણે આસપાસના લોકોને આ પ્રોજેક્ટમાં ઈન્વોલ્વ કરીશું. હું એક પોસ્ટર ડીઝાઈન કરીશ જેથી ઈન્ટરેસ્ટેડ લોકો આપણને કોન્ટેક્ટ કરી શકે. થોડી જગ્યામાં એમને એમના મન-પસંદ પ્લાન્ટ રોપવાનું કહીશું. સાથે-સાથે આપણે કચરામાંથી ખાતર બનાવીશું અને એ ખાતર વેચીને જે પૈસા મળશે એમાં આ બધું કરી શું. હું તેની જવાબદારી લઉં છું." મેં ખૂબ વિશ્વાસથી કહ્યું.

ત્યારબાદ અમે મ્યુનિસિપાલિટીની મદદથી જમીનને સાફ કરાવી. ધ્રુવી સાથે જમીનની ફળદ્રુપતા તપાસવા માટે જમીનનો નમૂનો ખેતીવાડી લેબોરેટરીમાં મોકલ્યો. પણ બીજા દિવસે ધ્રુવી એનો રિપોર્ટ લાવવાનું ભૂલી ગઈ.



આ સાંભળી મારી કમાન છટકી. મને ધ્રુવીના બેજવાબદાર વર્તન ઉપર ગુસ્સો આવ્યો. મેં ધ્રુવીને ખૂબ ખખડાવી, "હાઉ કેન યુ બી સો ઈરિસ્પોન્સિબલ ?!! તું ક્યારે તારી સપનાની દુનિયામાંથી બહાર આવીશ ? હંમેશા ખોવાયેલી હોય છે !"

ઋગ્વેદે મને શાંત પાડ્યો. "ડોન્ટ વરી. મારા નેબર વિષ્ણુકાકા એ જ એરિયામાં રહે છે. તે આપણા માટે રિપોર્ટ લઈ આવશે. હું એમને કહી દઉં છું."


બે કલાકમાં અમારા હાથમાં જમીનનો રિપોર્ટ આવી ગયો અને તે હકારાત્મક હતો. એવું લાગ્યું કે જાણે ચિત્ર તૈયાર થઈ ગયું હતું, હવે તો બસ તેમાં રંગ ભરવાના બાકી હતા. અમે કામની વહેંચણી કરી લીધી. ધ્રુવી અને મને પ્લોટ પર રોપવાના છોડ પસંદ કરવાનું કામ સોંપાયું. એવું લાગતું હતું કે જાણે મહિનામાં અમારું સપનું અમારી નજર સમક્ષ ખડું થઈ જશે.

બીજા અઠવાડિયે નર્સરીમાંથી ઓર્ડર કરેલા છોડ ડિલિવર થયા.

"આ શું છે ? આ છોડ તો લિસ્ટમાં નહોતો," એક અલગ પ્રકારના છોડને જોઈને ઋગ્વેદને નવાઈ લાગી.

"આઈ નો, પણ નર્સરીવાળા બહેને કહ્યું કે આ છોડ ખૂબ ઝડપથી ઉગે છે અને એની કિંમત પણ ઓછી છે. એટલે મેં ખરીદી લીધો." રિસ્કી ડિસિઝન લેવાનું સાહસ કરવાની પોતાની ક્ષમતા પર ધ્રુવીને ગર્વ થયો.

ધ્રુવીએ છોડવાઓ રોપાવ્યા. ઋગ્વેદ અને મેં બીજા નાના મોટા કામો પતાવ્યા. બધા મુખ્ય કામો સમયસર પતી ગયા. તે રાત્રે ઋગ્વેદે બધા કામોનું લિસ્ટ ચેક કર્યું



અને કહ્યું કે, "ચાલો, આપણે બધા એક અઠવાડિયું આરામ કરીશું અને આપણી મહેનતના ફળ ઉગવાની રાહ જોઈશું."

સાતમા દિવસે અમે ખૂબ ઉત્સાહપૂર્વક અમારી સ્વપ્નસૃષ્ટિ જોવા ઉપડ્યા.

"આ શું ??" ડ્રીમલેન્ડની હાલત જોઈને અમારા આઘાતનો પાર ના રહ્યો. આખી જગ્યા વિચિત્ર છોડવાઓથી છવાઈ ગઈ હતી. અમને કંઈ સમજણ ના પડી. 'આવું કેવી રીતે બન્યું ?' તપાસ કરતા ખબર પડી કે ધ્રુવીએ રોપેલા અલગ પ્રકારના છોડની આ કરામત હતી.

"ધ્રુવી, જોયું તારા અખતરાનું શું પરિણામ આવ્યું ? પૂરતી માહિતી ના હોય તો અખતરા કરવાની શી જરૂર છે ? હવે આપણી પાસે એટલો સમય પણ નથી કે ફરી કંઈક કરીએ." મારા ગુસ્સાનો પાર નહોતો. ધ્રુવી ખૂબ જ ડઘાઈ ગઈ હતી. એની આંખોમાંથી ટપ ટપ આંસુ પડવા લાગ્યા.

"ફ્રેન્ડ્સ, કશું બગડ્યું નથી," ઋગ્વેદે અમને શાંત પાડ્યા, "મેં છોડવાઓના મૂળ તપાસ્યા. તે બહુ ઊંડા નથી. થોડું ખેંચવાથી ઉખડી જશે. નજીકમાં જ મજુર કોલોની છે. તેમને થોડા પૈસા આપી જમીન સાફ કરાવી શકાશે. હું જોઈને આવું."

અને ઋગ્વેદના શબ્દો સાચા ઠર્યા.

"એટલે, તમારું પ્રોજેક્ટ ડ્રીમલેન્ડ રેડી થઈ ગયું ?" આરૂષે અધીરાઈથી પૂછ્યું.

ના, એટલી સહેલાઈથી નહીં. યાદ છે, મેં કચરામાંથી ખાતર બનાવવાની જવાબદારી માથે લીધી હતી ? અમે ધાર્યું હતું કે એ ખાતરમાંથી જે નફો(પૈસા) મળશે એમાંથી બધો ખર્ચો નીકળી જશે. પણ ખાતર બનાવવાના મારા પ્રયત્નો અસફળ રહ્યા. જ્યારે ધ્રુવી અને ઋગ્વેદને આ વાતની જાણ થઈ, ત્યારે તેઓએ મને કશું જ ના કહ્યું. દર વખતની જેમ ઋગ્વેદે વાતનું સોલ્યુશન શોધી કાઢ્યું, "મારા ઘરે જે બહેન કામ કરે છે એમના પતિ ખેડૂત છે અને તે વસઈમાં જ રહે છે. હું તેમને ફોન કરું."

એ ભાઈએ આવીને પરિસ્થિતિનું અવલોકન કર્યું અને અમને એક ઉપાય સૂઝાડ્યો. અમે એમના પ્રમાણે કર્યું અને ખાતર સરખું બની ગયું.

મને હંમેશાં થતું કે ઋગ્વેદ પાસે કોઈ મેજિકલ ચાવી છે જેનાથી એને બધા જ પ્રોબ્લેમના સોલ્યુશન મળી જાય છે. પણ તે દિવસે પહેલી વાર મને એક વાત નોટીસ થઈ કે બધી પરિસ્થિતિઓમાં હું બીજાની ભૂલો કાઢવામાં વ્યસ્ત હોઉં જ્યારે ઋગ્વેદ એનો ઉપાય શોધવામાં વ્યસ્ત હોય. શું આ જ એની મેજિકલ ચાવી હશે ?!

થોડા દિવસોમાં પ્રોજેક્ટ ડ્રીમલેન્ડ તૈયાર થઈ ગયું. કથ્થઈ સફેદ રંગના રસ્તા, લીલું મખમલી ઘાસ અને રંગબેરંગી ફૂલોથી સજ્જ જમીન જોઈને અમારું સ્વપ્ન સાર્થક થયું.

વર્ષના અંતે અમને 'પ્રોજેક્ટ ડ્રીમલેન્ડ' માટે સરકાર તરફથી એવોર્ડ મળ્યો. સાથે સાથે આડોશ-પાડોશના લોકોએ જે છોડવાઓ રોપીને પોતાનો ફાળો આપ્યો હતો, એમના કામની પણ કદર થઈ. પણ મનોમન મેં એ બધો જ શ્રેય ઋગ્વેદને આપ્યો. ઋગ્વેદની પ્રોબ્લેમ સોલ્વ કરવાની કળા વગર એ પ્રોજેક્ટ ક્યારેય પૂરો ના થઈ શક્યો હોત.


મિ, સોમીલ થોડા અટક્યા. આરૂષ ધ્યાનથી ડેડીની વાતો સાંભળી રહ્યો હતો.

"આરૂષ," મિ.સોમીલનો અવાજ હવે થોડો ધીમો પડ્યો હતો, "સામાની ભૂલો કાઢવામાં આપણે આપણી શક્તિઓ વેડફી નાખીએ છીએ. જો એ શક્તિઓનો ઉપયોગ મુશ્કેલીના સોલ્યુશન શોધવામાં કરીએ તો સુંદર પરિણામ આવે. આ જ છે આ બધી ટ્રોફી પાછળની સિક્રેટ ચાવી."

એક ઊંડો શ્વાસ લઈ, આરૂષે ડેડી પાસેથી મેળવેલી સમજણ દિલમાં સમાવી લીધી.

HAPPY

# Birthday Niru માઁ



નીચે આપેલા ખાનામાં બાજુમાં આપેલ ચિત્ર જોઈને સ્કેચ બનાવો.

# નીરુમા QUIZ

**આપણા વ્હાલા નીરુમા વિશે તમે કેટલું જાણો છો?,**
**જાતે જ ચેક કરી લો આ QUIZના Answer આપીને...**

૧) નીરુમાની જન્મ તારીખ / મહિનો / વર્ષ ?

(અ) ૦૮-૦૭-૧૯૬૮ (બ) ૦૨-૧૨-૧૯૪૪ (ક) ૧૨-૦૨-૧૯૫૮

૨) નીરુમાનું ખરું નામ શું હતું ?

(અ) નીરુ (બ) નીરુપમા (ક) નીરંજના

૩) નીરુમા ગીત ગાતા ત્યારે પોતાનો અવાજ એમને કોના જેવો લાગતો ?

(અ) આશા ભોંસલે (બ) નરગીસ (ક) લત્તા મંગેશકર

૪) નીરુમા સ્કૂલે જતા પહેલા કયા ભગવાનને પ્રાર્થના કરતા ?

(અ) હનુમાનજી (બ) દાદા ભગવાન (ક) કૃષ્ણ ભગવાન

૫) નીરુમા શું ભણ્યા હતા ?

(અ) એન્જીનયરીંગ (બ) કોલેજ (ક) એમ.ડી (ગાયનેક)

૬) નીરુમા દાદાને પ્રથમ મળ્યા તે શહેરનું નામ ?

(અ) ઔરંગાબાદ (બ) વડોદરા (ક) મુંબઇ

૭) નીરુમાના જીવનનો ધ્યેય શું હતો ?

(અ) ગરીબોની સેવા કરવી (બ) ડો. બની ખૂબ કમાવું (ક) જગત કલ્યાણ, મોક્ષ

૮) નીરુમાની જ્ઞાન પ્રાપ્તિ સમયે ઉંમર કેટલી હતી ?

(અ) ૧૮ વર્ષ (બ) ૨૩ વર્ષ (ક) ૨૫ વર્ષ


વિષ
રાજા દેવધર્મને બે પુત્ર હતા. મોટો રાજવીર અને નાનો યશવીર. રાજા અને રાણી ખૂબ પ્રેમથી બંને બાળકોનો ઉછેર કરી રહ્યા હતા.
સમય જતાં મોટા પુત્ર રાજવીરના મનમાં એક વિચાર ઘર કરી ગયો.
પિતાશ્રી અને માતાશ્રી યશવીર પર મારા કરતા વધુ સ્નેહ રાખે છે.
શાબાશ મારા દીકરા ! કેવું સુંદર ચિત્ર બનાવ્યું તેં તો !
રાજવીરને નાના ભાઈ પ્રત્યે દ્વેષ એટલો બધો વધી ગયો કે નાના ભાઈની દરેક ક્રિયામાં એને ભૂલ દેખાતી.
એક દિવસ ભોજન સમયે યશવીરથી સહેજ અન્ન ઢોળાયું,
વાહ, મારો નાનો ભાઈ મોટો તો થઈ ગયો પણ હજુય ખાતા ના શીખ્યો.



મોટા ભાઈના દિન-રાતના ટોણાથી ત્રાસેલા યશવીરની કમાન છટકી.
બસ મોટા ભાઈ, તમારી ટકોરો તમારી પાસે રાખો. મને શાંતિથી જીવવા દો.
અને આમ બેઉ ભાઈઓ વચ્ચે એક તિરાડ પડી ગઈ. દસ વર્ષ વીતી ગયા.
સમય આવી ગયો છે કે પિતાશ્રી એમનો ઉત્તરાધિકારી નિમણુક કરે.
જો તેઓ હંમેશની માફક પક્ષપાત કરીને આ પદ માટે યશવીરને વધુ યોગ્ય ગણશે તો ?
અને એના મનમાં ઘમસાણ મચી ગયું.
રાજવીરે એક યોજના ઘડી. એ રાજવૈદ્ય પાસે પહોંચ્યો.
ભીમસેનજી, જો તમે મારું કામ કરો તો હું તમને રાતોરાત શ્રીમંત બનાવી દઈશ.
શું કામ છે રાજકુમાર ?
હું મારા નાના ભાઈનું મૃત્યુ ઈચ્છું છું. જો તમે મને થોડું વિષ આપો તો હું તમને આખી જિંદગી ખૂટે નહીં એટલું ધન આપીશ.



કુંવર, જો રાજાને ખબર પડશે તો આપણને બેઉને કેદમાં પૂરી દેશે. પણ મારી પાસે એક યુક્તિ છે.
ભીમસેનજી પોતાની ઓરડીમાં જઈ એક ભૂકી લઈ આવ્યા.
આ ભૂકી રોજ થોડી થોડી યશવીરના ભોજનમાં નાખજો. આ ભૂકી ધીરે ધીરે યશવીરના શરીરને ખલાસ કરશે અને મૃત્યુ કુદરતી લાગશે.
અને હા, એક વાતનું ખાસ ધ્યાન રાખજો. કોઈને તમારા ઉપર શંકા ના જાય તે માટે યશવીર અને રાજા-રાણી સાથે પ્રેમવાળો વ્યવહાર રાખજો. ભૂલથી પણ એમની ભૂલો ના જોતા.
ભીમસેનજીના કહ્યા પ્રમાણે રાજવીર પોતાના ભાઈ સાથે પ્રેમથી રહેવા લાગ્યો. ભાઈની નાની મોટી ભૂલોને જતી કરતો ગયો અને એના અવળા વર્તનને સમાવી લેતો.
રાજવીરના બદલાયેલા વર્તનથી યશવીરમાં પણ બદલાવ આવ્યો. અને પોતાના મોટા ભાઈ પ્રત્યે આદર થયો.


છ મહિના પસાર થઈ ગયા. નાટકીય રીતે પ્રેમભાવ રાખતા રાખતા રાજવીરને વાસ્તવમાં જ નાના ભાઈ પ્રત્યે સ્નેહ જાગ્યો.
મેં બહુ મોટી ભૂલ કરી નાખી. ભલે રાજગાદી યશવીરને મળે, પણ હું કોઈ હિસાબે મારા ભાઈની મૃત્યુ નથી ઈચ્છતો. મને વિષ-નાશક ઔષધી આપો.
વિષ ? ક્યું વિષ ? મેં તમને કોઈ વિષ આપ્યું જ નહોતું. મેં તો તમને દળેલી ખાંડ આપી હતી.
કુંવર, જે વિષ તમારા મનમાં હતું એ તમારા પ્રેમવાળા વર્તનથી ધોવાઈ ગયું.
રાજવીરને જબરજસ્ત 'હાશ' થઈ...
ધન્યવાદ ભીમસેનજી ! આજે મને ભાન થયું કે ભાઈ કે માતા-પિતાની કોઈ જ ભૂલ નહોતી. એમની ભૂલો જોઈ એ જ મારી ભૂલ હતી.

# ચાલો રમીએ...

# CROSSWORD PUZZLE













| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| N | O | P | E | D | E | L | I | V | E | R | Y |
| B | A | N | P | O | W | E | D | C | H | S | O |
| A | R | F | L | O | U | R | B | N | U | A | L |
| Y | P | E | P | P | E | R | O | N | I | U | F |
| O | A | H | D | O | N | E | H | O | M | C | W |
| F | H | C | F | C | H | P | E | P | P | E | R |
| G | U | T | E | N | S | I | L | D | O | V | E |
| O | N | M | A | R | H | Z | B | U | P | W | G |
| L | E | F | O | R | C | Z | F | C | B | E | N |
| F | M | E | T | O | M | A | T | O | H | I | D |
| C | O | K | N | D | O | P | E | C | Z | U | X |
| X | B | S | F | C | I | N | M | A | H | E | J |


















# મીઠી યાદેં



મહાત્માઓની નીરૂમા સાથે બદરી-કેદારનાથની જાત્રા થઈ હતી. બધા મહાત્માઓ કેદારનાથ ઉપર ઊતર્યા ત્યારે નીરૂમાને ઘણો તાવ હતો. નીરૂમાની ડોળી સૌથી પહેલાં ત્યાં આવી ગઈ હતી. જે બ્રહ્મચારીભાઈ મેનેજમેન્ટમાં હતા એ ધીમે ધીમે બધાને રૂમ એલોટ કરતા હતા. એમને ત્યારે એવી સૂઝ ના પડી કે નીરૂમાને પહેલાં રૂમ આપી દેવી જોઈએ.

એક તો કેદારનાથની હાઈટ, એમાંય તાવ, તેમ છતાં નીરૂમા બહાર ડોળીમાં શાંતિથી બેસી જ રહ્યા. નીરુમાને જોતાં જ ખબર પડે કે એમને કોઈ માંદગી છે. છતાં તેઓ એમ ને એમ બેસી રહ્યા. બે મિનિટ થઈ... પાંચ મિનિટ થઈ... સાત મિનિટ થઈ...નીરુમા કશું બોલ્યા નહીં. પછી એમણે ધીમેથી પેલા ભાઈને કહ્યું, ''અમારી રૂમનું જરા કરી દે ને.''

જ્યારે નીરૂમાએ કહ્યું ત્યારે પેલા બ્રહ્મચારીભાઈને ખ્યાલ આવ્યો કે પહેલાં નીરૂમાની રૂમનું કરવાનું હોય.

પેલા બ્રહ્મચારીભાઈને ત્યારે થયું કે આવી તો કેટલીય ભૂલો આપણી થતી હશે ! પણ જ્ઞાની ક્યારેય ભૂલ કાઢે નહીં. પોતે એડજસ્ટમેન્ટ લઈ લે. **કેવા લઘુતમભાવમાં રહેતા હોય છે જ્ઞાની...!**

# Online LMHT Fusion ની ઝલક












## જવાબો:

1. Nirumaa quiz ans :

૧ - બ, ૨ - ક, ૩ - ક, ૪ - અ, ૫ - ક,
૬ - બ, ૭ - ક, ૮ - બ, ૯ - બ, ૧૦ - બ

૨. ચાલો રમીએ...

a. Crossword Puzzle



અદાણી એક્સપોર્ટ કંપનીના એક કર્મચારીના કારણે કંપનીને ૨૦ કરોડનું નુકસાન વેઠવું પડ્યું. આ કારણે તે કર્મચારીએ રાજીનામું આપી નોકરી છોડવાની અરજી કરી. જ્યારે ગૌતમ અદાણીને આ વાતની ખબર પડી ત્યારે તેમણે આ કર્મચારીના રાજીનામાનો અરજીપત્ર ફાડી નાખ્યો અને તેને કહ્યું કે "હું જાણું છું કે હવે આ ભૂલ ફરીથી નહીં થાય. આ ભૂલ એક શીખ પણ છે. નુકસાન આપણી કંપનીએ ભોગવ્યું તો શીખનો ફાયદો બીજું કોઈ શું કામ લઈ જાય ?"

આજે એ કર્મચારી કંપનીના જનરલ મેનેજર છે. કહેવાય છે કે એમના દ્વારા થયેલા નુકસાન કરતા અનેકગણો વધુ ફાયદો એમણે કંપનીને કરી આપ્યો છે.

આવી અદ્‌ભૂત દૃષ્ટિ છે ગુજરાતના માનીતા અને ચહીતા ઉદ્યોગપતિ શ્રી ગૌતમ અદાણીની ! તેઓએ કર્મચારીની ભૂલ ના કાઢી. એટલું જ નહીં, પણ એને કામ કરવાનું પ્રોત્સાહન પણ આપ્યું.

અદાણી પાવર કંપનીના સી.ઈ.ઓ. વિનીત જૈન કહે છે કે આવા એક-બે નહીં, પણ કેટલાંય દાખલાઓ કંપનીના કર્મચારીઓએ અનુભવ્યા છે.

પોતાનો અનુભવ શેર કરતા તેઓ કહે છે કે "અમે મહારાષ્ટ્રના ગોંડિયા જીલ્લામાં એક થર્મલ પાવર પ્લાન્ટ બનાવી રહ્યા હતા. એન્જિનિઅરિંગ ટીમની એક ખોટી ગણતરીના કારણે કુલીંગ વોટર પાઈપ, ૧૧મી.મી.ના બદલે ૯મી.મી.ની બની. ત્રણ જ મહિનામાં બધી પાઈપો ભાંગી પડી. તપાસ કરતા જ્યારે ખામી જડી, ત્યારે પાઈપો બદલવાની કિંમત ૧૫ કરોડ રૂપિયા અંકાઈ. જ્યારે મેં અદાણી સાહેબને આ વાત કહી ત્યારે એમણે પૂછ્યું, "તો આપણે શું કરવું જોઈએ ?"


સંકોચપૂર્વક મેં કહ્યું, "લાંબાગાળાની ઉપયોગિતા ધ્યાનમાં રાખતા, પાઈપો બદલવી જોઈએ." અદાણી સાહેબે તરત કહ્યું, "તો શેની રાહ જુઓ છો, જાઓ બદલાવી નાખો."

જ્યારે મેં મારી જાતને આ ભૂલ માટે જવાબદાર ગણી, ત્યારે અદાણી સાહેબ તરત બોલી ઊઠ્યા,

"એક પાવર પ્લાન્ટમાં હજારો જટિલ ઘટકોનો વપરાશ થાય છે. માણસથી ભૂલ તો થઈ જ શકે ને !"

વિનીત જૈને કહ્યું કે કોઈ બીજી કંપનીમાં આવી ઘટના બને તો કેટલુંય દોષારોપણ કરવામાં આવે. પણ ગૌતમભાઈએ અમને કોઈ આક્ષેપ આપ્યો નથી.

આમ સામાની ભૂલોને સમાવી લઈને શ્રી ગૌતમ અદાણીએ પોતાના કર્મચારીઓના દિલ જીતી લીધા છે.



## જીવંત ઉદાહરણ

Akram Express

December 2020
Year : 13, Issue : 4
Conti. Issue No.: 148

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post Office
on 08th of every month

# અડાલજ જ્ઞાનમંદિર (ગુરુકુળ) માં

## ધો. ૫,૬,૭,૮ માં પ્રવેશ મેળવવા માટે

### -: જય સચ્ચિદાનંદ :-

જ્ઞાનમંદિરમાં રહીને પરમ પૂજ્ય દાદા ભગવાનના જ્ઞાન થકી પોતાના દીકરાઓમાં સંસ્કાર સિંચન થાય તેવું ઇચ્છતા માતા - પિતાઓએ પોતાના દીકરાના ઇન્ટરવ્યુ માટે જ્ઞાનમંદિર, સીમંધર સીટી (અડાલજ)માં તા. ૩૧ જાન્યુઆરી - ૨૦૨૧ સુધીમાં ફોનથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન ફક્ત ધો. ૫,૬,૭,અને ૮ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ( છોકરાઓ ) માટે જ થશે. નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરવો.

**સમય :**
સવારે - ૧૦.૦૦ થી ૧:૦૦ અને બપોરે ૨:૦૦ થી ૫:૦૦

મો. - ૯૯૨૪૩૪૪૪૮૧.




**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. AGIT૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - B-99 GIDC, Sector - 25 ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.